# ખેડૂતોનો સાથી-'કોટન ડોક્ટર મોબાઇલ એપ'


## એમ.બી.પીઠીયા- ઓફિસર,મો. ૯૭૨૫૦૦૧૩૨૩

**WWF-સસ્ટેનેબલ કોટન ઇનિસિએટિવ પ્રોજેક્ટ(SCI)**

**ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની લિ.**

**ફર્ટીલાઈઝરનગર,વડોદરા, પીન: ૩૯૧૭૫૦**


ખેડુત મિત્રો ,ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની કે જે ટૂંકમાં જીજીઆરસી (GGRC) તરીકે ઓળખાય છે.જે જીએસએફસી ,જીએનએફસી અને જીએઆઇસી નું સરકારશ્રી દ્વારા નિર્માણ કરેલું સંયુક્ત સાહસ છે તેનું વડુ મથક ફર્ટીલાઈઝરનગર, વડોદરા ખાતે આવેલું છે.અને જે સૂક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવતા ખેડૂતોને ગુજરાત સરકાર વતી સરકારી સહાય (સબસીડી)આપીને સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ નો વ્યાપ વધારવાનું કામ કરે છે જે આપ સર્વે સારી રીતે જાણો છો. જીજીઆરસી દ્વારા ઓગસ્ટ-૨૦૧૯ સુધીમાં ગુજરાતના અગીયાર લાખથી વધુ ખેડુતોના ફૂલ મળીને અઢાર લાખથી વધુ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ પિયત પદ્ધતિ નો વ્યાપ થયેલો છે. જે આપણા બધા માટે આનંદ તેમજ ગૌરવ ની બાબત છે.

મિત્રો,જીજીઆરસી દ્વારા વર્લ્ડવાઈડફંડફોરનેચર-ઈન્ડિયા (World Wide Fund for Nature) કે જેનું વડુમથક ન્યુદિલ્હી ખાતે આવેલું છે અને ટૂંકમાં ડબલ્યુ ડબલ્યુ એફ (WWF) તરીકે ઓળખાતી અને પર્યાવરણ બચાવવા ક્ષેત્રે ૧૦૦ થી વધુ દેશો માં કામ કરતી આંતરરાષ્ટ્રીય સંસ્થા સાથે સસ્ટેનેબલ કોટન ઇનિસિએટિવ(SustainableCotton Initiative) એટલે કે કપાસની ટકાઉ ખેતી ના મથાળા સાથે એમઓયુ ( MoU)કરેલ છે અને છેલ્લા ચાર વર્ષથી ગુજરાતના કપાસ ઉગાડતા ખેડુતો માટે સરસ કામ થતું રહેલું છે. જે અંતર્ગત ગુજરાત રાજયમાં કપાસ ઉગાડતા ખેડૂતોને કપાસનું વધુ અને ગુણવત્તાયુક્ત ઉત્પાદન મળે તે માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવાનું કામ હાથ ધરવામાં આવે છે. હાલમાં ગુજરાત રાજ્યના કપાસ ઉગાડતા અગત્યના નવજિલ્લાઓ ( વડોદરા, બોટાદ, છોટાઉદેપુર, જામનગર, જૂનાગઢ, રાજકોટ, સાબરકાંઠા, સુરેન્દ્રનગર અને ભાવનગર) માં આ પ્રોજેકટ કાર્યરત છે.
ઉપરોક્ત પ્રોજેકટ અંતર્ગત રાજ્યના કપાસ ઉગાડતા ખેડૂતોને ગ્રામ્યકક્ષાએ ખેડુતસભા દરમ્યાન તજજ્ઞો દ્વારા ખેતી વિષયક માહિતી પૂરી પાડવામાં આવે છે. તે ઉપરાંત ડબલ્યુ ડબલ્યુ એફ સાથે સંકળાયેલ વેધર રીસ્ક મેનેજમેંટ સર્વીસ (Weather Risk Management Service) નામની સંસ્થા પણ આ પ્રોજેકટમાં સહયોગ આપે છે.

કપાસ ઉગાડતા ખેડૂતોને સંપૂર્ણ માહિતી મળી રહે અને તેને મુંજવતા પ્રશ્નોનું ઘેરબેઠા નિરાકરણ મેળવી શકે તે હેતુથી WWF દ્વારા 'WRMS' સંસ્થા અને GGRCને સાથે રાખીને એક ખાસ મોબાઈલ એપ્લીકેશન તૈયાર કરવામાં આવેલ છે જે 'કોટનડોક્ટરએપ' તરીકે ઓળખાય છે. આ એપની વિશિષ્ટતા એ છે કે કોઇ પણ ખેડુત પોતાના એંડ્રોઇડ મોબાઇલ(સ્માર્ટ ફોન) માં તે ડાઉન લોડ કરી શકે છે  જે વિનામૂલ્યે છે અને તેના દ્વારા  કપાસના પાકની સંપૂર્ણ ખેતી પદ્ધતિ ની જાણકારી મેળવી શકે છે.   તે  ગુજરાતી અને અંગ્રેજી એમ બન્ને ભાષામાં તૈયાર કરવામાં આવી છે. ખાસ કરીને રોગ-જીવાતની ઓળખ, તેનાથી થતું નુકસાન/ ચિન્હો અને તેના નિયંત્રણના પગલાં અંગે માહિતી પુરી પાડવામાં આવી છે. તે સિવાય જમીનનું પો ત, તેમાં રહેલા પોષકતત્વો, હવામાનની આગાહી અને કપાસના વેચાણ માટે જુદી જુદી મંડીના બજારભાવની માહિતી આપવામાં આવેલ છે. પાકમાં જોવા  મળતા રોગ,જીવાત કે પોષકતત્વોની ઉણપઅંગેની તસવીર/ ફોટા પોતાના મોબાઈલ દ્વારા  પાડી, સંદેશા દ્વારા કે અવાજ રેકોર્ડ કરીને પાક સંબંધી માહિતી  કૃષિતજજ્ઞોને મોકલી યોગ્ય માર્ગદર્શન મેળવી શકાય છે.

ગુજરાતનાં કપાસ ઉગાડતા ખેડૂતો 'કોટન ડોક્ટર એપ' પોતાના એન્ડ્રોઇડ મોબાઇલમાં ડાઉનલોડ કરી શકે અને તેનો મહત્તમ લાભ લઈ કપાસનું ગુણવતાયુક્ત વધારે ઉત્પાદન મેળવી શકે તે હેતુથી એપ્લીકેશન ડાઉનલોડ કરવા અંગે માહિતી અત્રે પ્રસ્તુત કરેલ છે.'કોટન ડોક્ટર એપ' મોબાઈલ

## ❖ કોટન ડોક્ટર એપ કઈ રીતે ડાઉનલોડ કરવી ?...

૧) 'કોટન ડોક્ટર એપ' ડાઉનલોડ કરવા માટે એન્ડ્રોઇડ મોબાઈલ હોવો જરૂરી છે.

૨) આ એપ ડાઉનલોડ કરતાં પહેલા જીપીએસ (GPS) ઓન (ચાલુ) કરવું જરૂરી છે.

3) સૌ પ્રથમ આપના એન્ડ્રોઇડ મોબાઇલમાં ગુગલ પ્લેસ્ટોર (Google Play Store) ખોલો અને શોધો (Search)માં જી જી આર સી (GGRC) લખી એપ ડાઉનલોડ કરવા માટે ક્લીક કરો.

૪) એપ ઇન્સ્ટોલથયાપછી'ઓપન' (open)પરક્લીકકરો.

૫) કોટનડોક્ટરએપગુજરાતીઅનેઅંગ્રેજીએમબેભાષામાંઉપલબ્ધછે.




ગુજરાતીમાં માહિતી મેળવવા માટે 'ગુજરાતી' અને અંગ્રેજીમાં માહિતી મેળવવા ઇંગ્લીશ (English) ભાષા પસંદ કરો.

૬) આ પ્રમાણે ભાષા (Language) પસંદ કરતાં નવું પેજ ખુલશે જેમાં આપનો મોબાઇલ નંબર દાખલ કરો અને તેની નીચે

લોગઇનમાં પાસવર્ડ તરીકે ફરીથી આપનો મોબાઇલ નંબર દાખલ કરો.




૭) ત્યાર બાદ પેજમાં નીચેની બાજુ જમણા ખૂણે ઓક (ok) લખેલ છે તેના પર ક્લીક કરતાં નવું પેજ ખુલશે. જેમાં ઉપરની બાજુ પાકનું અવલોકન, સંભાળ અને જાણો એમ ત્રણ શબ્દોનું લખાણ જોવા મળશે. તે ઉપરાંત તેની નીચે પાક આરોગ્ય, જમીનની સ્થિતિ, હવામાનની આગાહી અને મંડી લખેલું જોવા મળશે.

પાક આરોગ્યમાં જીવાત, રોગ અને નીંદણ સંબંધી માહિતી આપેલ હોય છે. તેવી જ રીતે જમીનની સ્થિતિમાં આપના વિસ્તારની જમીનનું બંધારણ અને જમીનમાં રહેલા પોષક તત્વોની માહિતી આપેલ હોય છે. હવામાનની આગાહીમાં નજીકના ભવિષ્યમાં એટલે કે સાપ્તાહિક તાપમાન, વરસાદ અને હવાની ગતિ અંગે આગાહી આપવામાં આવેલી હોય છે. મંડીમાં આપના નજીકના માર્કેટયાર્ડના કપાસના બજારભાવની માહિતી આપેલ હોય છે. સંભાળમાં પાકને પાણીની જરૂરિયાત અંગેની માહિતી આપવામાં આવે છે. 'જાણો' લખેલ છે તેના પર ક્લીક કરવાથી કપાસના પાકના વિવિધ તબક્કાઓમાં શું કાર્યવાહી (ખેતી વિષયક કર્યો) કરવા જોઈએ તેનું માર્ગદર્શન આપવામાં આવેલું હોય છે.

૮)ઉપર પ્રમાણે ખુલેલા પેજમાં ઉપરની બાજુ ડાબી તરફ ખૂણામાં ચાર નાના લંબચોરસ આપેલા હોય છે. તેના પર ક્લીક કરતાં નવું પેજ ખુલશે જેમાં પેજની જમણી બાજુ વચ્ચે ગોળ લાલ રંગના ટપકાંની બાજુમાં જીઓટેગ કરવા માટેની ખાસ નિશાની/સિમ્બોલ પર ક્લીક કરવાથી ફરીથી નવું પેજ ખુલશે. જેના દ્વારા આપના ખેતરનું જીઓટેગ કરી શકો છો. તેમાં ઉપરની તરફ 'તમરું સ્થાન દાખલ કરો ' એવું લખાણ આવશે. તેમાં તમારા ગામનું નામ , તાલુકો, જિલ્લો અને રાજ્યની માહિતી દાખલ કરો. તેમાં ૪ થી ૫ ઓપ્શન (અંગ્રેજીમાં) આવશે તેમાથી જે લાગુ પડતું હોય તેના પર આપના ગામનું સ્થાન બતાવશે. તેમાં આપના ખેતરનું સ્થાન આપશ્રીએ જાતે શોધવું પડશે.




❖ **<u>આપના ખેતરનું જીઓટેગ બે રીતે થઈ શકે છે.</u>**


અ) ખેતર પર રૂબરૂ જઈને અને જે જગ્યા પર આપની હાજરી હોય તે જગ્યાએથી ખેતર પર જઈને જીઓટેગ કરવા માટે મોબાઈલમાં ખોલેલા પેજ પર 'જીઓટેગ' લખેલ છે તેના પર ક્લીક કરો. ખેતરના કોઈ એક ખૂણા પર ઊભા રહીને ગુગલ મેંપ પર ખેતરના ખૂણા પર

(કે જ્યાં તમે ઊભા છો) ક્લીક કરો. તે જ રીતે ખેતરની હદ (બાઉન્ડ્રી) પર ચાલતા જઈ અમુક અમુક અંતરે મોબાઇલમાં ક્લીક કરતા જાવ અને આખા ખેતરમાં ફરીને પાછા મૂળ જગ્યાએ આવી જઇ ફરીથી ક્લીક કરો. ખેતરના દરેક ખૂણા પર ખાસ ક્લીક કરવું. ખેતરની દરેક બાજુ ઓછામાં ઓછું ૪ થી ૫ વખત  ક્લીક કરવું હિતાવહ છે. ખેતરની હદ વધારે પડતી ખૂણા-ખાંચાવાળી હોય તો જરૂરિયાત મુજબ વધારે વખત ક્લીક કરવું. આ રીતે ખેતરને ફરતે ક્લીક કરી હદ નક્કી કર્યા બાદ ‘દોરો’ લખેલ છે તેના પર ક્લીક કરો.
બ)જો આપ આપના ખેતરથી દૂરના અંતરે રહીને ખેતરનું  જીઓટેગ કરવા માંગતા હોય તો પણ જીઓટેગ થઈ શકે છે. તે માટે અગાઉ જણાવ્યા પ્રમાણે ખુલેલા પેજ પર ગુગલમેપમાં નીચે ‘ફાર્મ ડ્રો’ લખેલ છે તેના પર ક્લીક કરી ગુગલમેપમાં રહેલા આપના ખેતરની હદ(બાઉન્ડ્રી) પર એકબાજુથી ચાલુ કરી આખા ખેતરની બાઉન્ડ્રી/હદ પર અટક્યાં વગર સતત (ઘડિયાળના કાંટાની દિશામાં) ચારે દિશાઓમાં ફરી જીઓટેગ કરવું.  ‘દોરો’ પર ક્લીક કરવાથી ‘ખેતરની માહિતી’ અંગેનું નવું પેજ ખુલશે.

ખેતરની માહિતીમાં ખેતરની મૂળભૂત માહિતી, ખેતરનું નામ, ખેડુતનું નામ, મોબાઈલ નંબર, રાજય, ટેગ કરેલ ખેતરનો વિસ્તાર, ખેતરનો ખરેખર વિસ્તાર વગેરે માહિતી ભરવી.

૯) જીઓટેગ થયા બાદ ખેતરની જરૂરી માહિતી દાખલ કરો અને ‘સબમિટ’ પર ક્લીક કરો

૧૦) જીઓટેગ થયા બાદ ૩ દિવસ પછી ખેતરની એનડીવીઆઈ અને જમીનના ભેજની માહિતી એપમાં જોઈ શકાશે.




૧૧)મોબાઇલમા જે રીતે વ્હોટ્સઅપ ( Whatsapp)જેવું ચિન્હ આવે છે તેવા ચિન્હ પર આપના મોબાઈલ દ્વારા ક્લીક કરવાથી મારા સંદેશાઓ (Message) પેજ ચાલુ થશે.જેમાં આપશ્રી આપના કપાસના ખેતમાં જોવા માળતા રોગ અને જીવાત તથા આપને મુંજવતા ખેતી વિષયક પ્રશ્નોની રજૂઆત કરી શકો છો. આ પ્રમાણેની રજૂઆત ફોટા , સંદેશા દ્વારા કે અવાજ રેકોર્ડ કરીને મોકલી શકો છો. આપની રજૂઆતના સંદર્ભમાં કૃષિ તજજ્ઞો દ્વારા જરૂરી માહિતી આપને પહોંચતી કરવામાં આવશે.

*****